જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૧/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૩૦૧ લીટર અને ૨૩૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૧૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## બિનવારસી નવજાત ભ્રુણ મૃત હાલતમાં મળ્યુ: સમાચાર યાદી નં.૧૪૨/૧૮

**ખોખરા :** કરણભાઇ પ્રભાકર (રહે,ૠષિકેશનગર હરિપુર ખોખરા) એ તા.૨૦/૧/૧૮ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૧૮ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે બ્લોક નંબર-૩૮ ની પાછળ ભાગે આવેલ ઓરડીનાં પતરા ઉપર કોઇક અજાણી સ્ત્રી એ બાળકનો જન્મ છુપાવાના ઇરાદે બાળક (બેબી) (ઉંમર ૯ માસના ગર્ભ) ને પતરાની ઓરડી પર કચરાવાળી જગ્યાએ બિનવારસી ત્યજી દિધેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૧૪૩/૧૮

**શાહપુર :** વિજયકુમાર આયલદાસ છટવાણી(સીંધી)(ઉ.વ.૪૦)(રહે,ગણપતરામનું ડહેલુ, લુણાસાવાડ ત્રણ બતી, દરીયાપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા૧૮/૧/૧૮ સાંજના ૪/૦૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન ઘી કાંટા, મધુરમ સિનેમાની સામે, વૈભવલક્ષ્મી માતા માર્કેટ ખાતે ગ્રાઉંડ ફ્લોર પર દુકાન નં-૭ માં આવેલ પોતાની “ક્રિએશન” નામની દુકાનમાં નોકરી કરતો આરોપી અર્જુન ગોવિંદભાઇ પંચસરીયા(ઉ.વ.૨૦)(રહે,ગામ-પેથોરાકી ઢાણી, ગીરીરાજ સર, તા-શ્રીકોલયાત જી-બીકાનેર, રાજસ્થાન) એ દુકાનમાં પર્સમાં રાખેલ રોકડ રૂપિયા ૧,૪૦,૦૦૦/- ની ચોરી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી ડી.એસ.ઇસરાણી ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૪/૧૮</u>**

**સરખેજ :** લલીતભાઈ જયેશભાઈ સોલંકી (ઉ.વ.૨૦)(રહે,રોહીતવાસ આંબેડકર ચોક બાવળા) તા.૨૦/૧/૧૮ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે સરખેજ, ઉજાલા સર્કલ, એક્તા હોટલની પાછળ ફોક્સ વેગન પ્રા.લી. ખાતે કાર વોશીંગ કરતા હતા દરમ્યાન ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પિટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન બપોરનાં ૪/૨૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યું હતુ આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવીણભાઈ રતીલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.